**અરજદાર :–** શ્રી કેતનભાઈ રામજીભાઈ વેકરીયા

**સામાવાળા :–** ઈ.ચા.સેકશનઓફિસર(આર.)અને જાહેર માહિતી અધિકારી(રીક્રુટમેન્ટ)

**વિષય :–**આરટીઆઈ એકટ હેઠળ – શ્રી કેતનભાઈ રામજીભાઈ વેકરીયાની તા.૧૬/૦૫/૨૦૧૮ના રોજની અપીલ અરજી નં.૧ ની માહિતી આપવા બાબત.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ માહિતી / દસ્તાવેજો આપવા માટેની આપની આઈ.ડી.નં.૯૮, તા.૦૯/૦૪/૨૦૧૮ અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી ના પત્ર ક્રમાંક નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ / આઉટ/૯૮, તા.૧૦/૦૪/૨૦૧૮ થી અત્રેના વિભાગને તબદીલ કરવામાં આવેલ હોય, જે અત્રેના વિભાગને તા.૧૧/૦૪/૨૦૧૮ ના રોજ મળેલ છે જેમાં અરજદાર તરફથી સુરત મહાનગર પાલિકા ધ્વારા તા.૦૧/૦૪/૧૮ ના રોજ લો ઓફિસર અને તા.૦૮/૦૪/૧૮ ના રોજ આસી.લો. ઓફિસર ની લેવામાં આવેલ લેખિત પરીક્ષા માં અરજદારના પ્રશ્નપત્ર અને ઓ.એમ.આર. સીટની નકલ તેમજ કેટલા ઉમેદવારોએ પરીક્ષા આપેલ વિગેરે વિગત માંગેલ જે અન્વયે તેઓને માંગવામાં આવેલ માહિતી અત્રેના પત્રક્રમાક નં.જીએડી/ઈએસટી/આર/૨૪૦,તા.૦૮/૦૫/૨૦૧૮ થી માહિતી આપવામા અવેલ, તેમજ તેઓને તેમના પ્રશ્નપત્ર અને ઓ.એમ.આર. સીટનુ નિરીક્ષણ અર્થે તા.૧૫/૦૫/૨૦૧૮ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ હાજર રહેવા અત્રેના પત્ર ક્રમાંક નં. નં.જીએડી/ઈએસટી/આર/૨૪૦,તા.૦૮/૦૫/૨૦૧૮ થી જણાવવામાં આવેલ જે અન્વયે અરજદારને તા.૧૫/૦૫/૨૦૧૮ ના રોજ પ્રશ્નપત્ર અને ઓ.એમ.આર. સીટનુ નિરીક્ષણ કરવા દીધેલ છે તથા અન્ય માહિતી બાબતે મૌખિક પુર્તતા કરેલ છે અરજદારે " માંગેલી માહિતી પ્રમાણે નકલો આપેલ નથી ફકત નિરીક્ષણ કરાવેલ છે જે બાબતે અપીલ હકક અબાધિત રાખીએ છીએ." એમ લેખિતમાં આપેલ છે. અરજદાર જવાબથી નારાજ થઈ અપીલ અધિકારીશ્રીને ઉલ્લેખીને તા.૧૬/૦૫/૨૦૧૮ના રોજ અપીલ અરજી કરેલ હતી. જે અપીલ અરજી ક્રમાંક નં.૧ થી નોંધાયેલ છે.

સદર અપીલ અરજી બાબતે અરજદારશ્રીને પત્ર ક્રમાંક નં.જીએડી/ઈએસટી/આર/૩૪૬, તા.૨૨/૦૫/૨૦૧૮ના રોજ પત્ર લખી તા.૦૫/૦૬/૨૦૧૮ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ,જે અન્વયે અરજદારશ્રી તા.૦૫/૦૬/૧૮ના રોજ જે તે સમયના જાહેર માહિતી અધિકારી શ્રી અને અપીલ અધિકારીશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ તે દરમ્યાન " નમુના–ક માં આઈ.ડી.નં.૯૮ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજદારને તેઓની પોતાની આન્સર સીટ (ઓ.એમ.આર.) ચેક કરવા દેવા જણાવેલ જે અનુસંધાને અરજદારે પોતાના એક પ્રશ્નની ચકાસણી કરેલ અને બાકીના પ્રશ્ન અરજદારે પોતે જ ચકાસણી કરવા ઈન્કાર કરેલ હતો " એમ લેખિતમાં આપેલ છે.

અરજદાર ધ્વારા તા.૧૬/૦૫/૨૦૧૮ ના રોજ કરેલ અપીલ સંદર્ભે તા.૨૨/૦૫/૨૦૧૮ ના પત્ર નં જીએડી /ઈએસટી/આર/ ૩૪૬ થી તા. ૦૫/૦૬/૧૮ ના સાંજે ૪ :૦૦ કલાકે રૂબરૂ સુનાવણી રાખેલ તે સમયે પણ અરજદારને જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારી ધ્વારા તેમની માંગણી સંદર્ભે સંતોષકારક જવાબ આપેલ તથા ફરીથી નિરીક્ષણ કરવા અંગે જણાયેલ તે બાબતે અજરદારે ઈન્કાર કરી અગાઉથી લેખિતમાં લઈ આવેલ અરજી રજુ કરેલ છે. જેમા મુદ્દા નં ૩ માં ભરતી પ્રક્રિયાની વિસ્તૃત માહિતી માંગેલ છે. આર.ટી.આઈ. એકટ મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી આપવાની હોય છે. અરજદારને માંગેલ માહિતીનો આ બાબતે કોઈ રેકર્ડ ઉપલબ્ધ હોય તો અરજદારને આપવાનો રહે પરંતુ આ એક વહીવટી પ્રક્રિયા છે જે બાબતે અરજદારને રૂબરૂમાં સમજ આપેલ હોવાનું જણાય છે. અપીલ ના મુદ્દા નં. ૨ માં જાહેર માહિતી અધિકારીએ મૂળ અરજીના મુદ્દા નં૩ બાબતે અશંતઃ અરજી તેઓને પત્ર નં. ૧૩૭, તા ૨૩/૦૪/૧૮ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ વિભાગ ને અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ છે. આર.ટી.આઈ એકટ મુજબ સામાન્ય રીતે અરજી મળ્યાના દિન – ૫ માં જો માંગેલ માહિતી અન્ય જાહેર માહિતી અધિકારીને લાગત હોય તો તબદીલ કરવાની હોય છે આ કિસ્સામાં જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત સમય મર્યાદા બાદ અરજી અશંતઃ તબદીલ કરી છે જે બાબતે નિયત સમય મર્યાદામાં અરજી કરવા કાળજી રાખવા જાહેર માહિતી અધિકારીને તાકીદ કરવામાં આવે છે.

અપીલ મુદ્દા નં ૩ તથા ૪ માં અરજદારે કેટલા ઉમેદવારો પાસ થયા તેની વિગત માંગેલ છે તેની માહિતી આપેલ છે જયારે અન્ય ઉમેદવારોએ મેળવેલ માર્કસની વિગત માંગેલ છે. આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)ઠ મુજબ ત્રાહિત વ્યકિતને માહિતી આપી

ન શકાય જે મુજબ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. અરજદારે માંગેલ માહિતી ના પક્ષકારો ખૂબ જ મોટી સંખ્યામાં હોય અને આ તમામ માહિતી ત્રાહિત પક્ષકારને લાગત હોય જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ જવાબ યોગ્ય હોવાનું જણાય છે.

અરજદારે અપીલના મુદ્દા નં ૫ માં તેઓની મૂળ અરજી ના મુદ્દા_નં ૬ ની માહિતી મળી નથી અને સંતોષકારક જવાબ મળેલ નથી તથા ૬ ની માહિતી મળે તે રીતે હુકમ કરવા રજુઆત કરેલ છે.

અરજદારની મૂળ અરજીના મુદ્દા નં. ૬ તથા ૭ માં લેખિત ટેસ્ટના કોલ લેટરમાં જણાયેલ પ્રશ્નપત્રમાં માળખા મુજબના કયા કયા સવાલો હતા તેની માહિતી માંગેલ છે. અરજદાર ને પ્રત્યક્ષ નિરીક્ષણ સમયે તેમજ અપીલ તબકકે પણ આ બાબતે અલગથી કોઈ રેકર્ડ નિભાવવામાં આવતો નથી કોલ લેટરમાં ઉમેદવારને પરીક્ષાલક્ષી તૈયારીમાં સરળતા રહે તે હેતુ માળખુ દર્શાવી ભારાંક કોલ લેટરમાં જણાવેલ છે અને પ્રશ્નપત્ર બાબતે અરજદારને પણ આ માળખુ આપવામાં આવેલ છે જે બાબતે અરજદારને રૂબરૂમાં સમજ આપવામાં આવેલ છે. અરજદારની મૂળ અરજી ના મુદ્દા નં ૮તથા ૯ માં કઈ આન્સર કીના આધારે ઉમેદવારના માર્કસ નકકી કરવામાં આવેલ તેની માહિતી માંગેલ જે બાબતે અરજદારને રૂબરૂમાં આન્સર કી બતાવેલ છે તથા તેની ખરાઈ બાબતે તેમની ઓ.એમ.આર. શીટ તથા પ્રશ્નપત્ર આપેલ છે જેની ૧ પ્રશ્નની ખરાઈ કરેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા રૂબરૂ નિરીક્ષણ સમયે તેઓની ઓ.એમ.આર.શીટ / પ્રશ્નપત્ર/આન્સર કીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવા દેવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારે માંગેલ માહિતીના ૧ થી ૫ બાબતે ઉપલબ્ધ રેકર્ડ તથા આર.ટી.આઈ. એકટ કાયદાની જોગવાઈ ને ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી ધ્વારા લેખિતમાં જવાબ આપેલ છે જે અંગે વધુ કોઈ માહિતી આપવાની રહેતી નથી જયારે મુદ્દા નં ૬ થી ૯ ની માહિતી બાબતે અરજદારને તા.૧૫/૦૫/૨૦૧૮ ના રોજ પ્રત્યક્ષ નિરીક્ષણ અર્થે બોલાવેલ તથા માંગેલ માહિતી બાબતે તેઓને તેમની ઓ.એમ.આર.શીટ,પ્રશ્નપત્ર તથા આન્સર કી બતાવેલ અને અરજદારે પોતાની આન્સર કી ના પ્રશ્નની ખરાઈ પોતાની ઓ.એમ.આર. શીટ સાથે પણ કરેલ ત્યાર બાદ ખરાઈ બંધ કરી નિરીક્ષણ કરેલ નથી. આમ અરજદારે પોતેજ માંગેલ માહિતી ની ખરાઈ કરી માહિતી મેળવી શકે તેમ છે. આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) ક થી ૮(૧)ડ ના અપવાદ કલમ ૧૧ ના ઉપલબ્ધ માં જાહેર હિત / સંસ્થા હિત પ્રભાવી છે કે કેમ ? જેને ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી એ માહિતી આપવી કે કેમ ? તે બાબતે નિર્ણય લેવા સ્વતંત્ર છે અને અરજદારને પ્રત્યક્ષ નિરીક્ષણ સમયે તેમજ અપીલ તબકકે પણ પ્રશ્નપત્રની નકલ બાબતે સંસ્થા પાસે સંશોધનો મર્યાદિત હોય તેમજ પ્રશ્નપત્ર ની નકલ આપવાથી ભવિષ્યમા તેનો ગેરઉપયોગ થવાની સંભાવના ને ધ્યાને લઈ આપી શકાય નહી તેવી સમજ આપવામાં આવેલ છે.

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીની રજુઆત, અરજદારની રજુઆત તથા અપીલમાં કરેલી તકરાર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

## હુકમ

અરજદારની અપીલ સંદર્ભે જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપેલ છે તથા તેમની ઓ.એમ.આર.,પ્રશ્નપત્ર, આન્સર કીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવા દેવામાં આવેલ છે. વધુ કોઈ માહિતી આપવાની રહેતી નથી અરજદારની રજુઆતને ધ્યાને લેતા અન્ય જાહેર માહિતી અધિકારીને અરજી તબદીલના કિસ્સામાં નિયત સમય મર્યાદામાં અરજી તબદીલ કરવા જાહેર માહિતી અધિકારીને તાકીદ કરવામાં આવે છે. આમ છતા આર.ટી.આઈ. એકટના હેતુ ને ધ્યાને લઈ અરજદાર પોતે પરીક્ષામાં મેળવેલ માર્કસની ખરાઈ પોતાની ઓ.એમ.આર.શીટની નિરીક્ષણ કરી મેળવી શકે છે અને તેવુ કરવા માગતા હોય તો જાહેર માહિતી અધિકારીનો અગાઉથી સમય મેળવી આર.ટી.આઈ. એકટના નિયમાનુસાર પ્રત્યક્ષ નિરીક્ષણ કરવા સ્વતંત્ર છે અને અરજદારની તેવી માંગણી થયેથી અરજદારે પોતે આપેલ પરીક્ષાની ઓ.એમ.આર. શીટનુ પ્રત્યક્ષ નિરીક્ષણ આર.ટી.આઈ. એકટ ના નિયમ મુજબ નિયત ફી વસુલ લઈ કરવા દેવા હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

**(એસ. એચ.વ્યાસ)**
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(રીક્રુટમેન્ટ)
સુરત મહાનગરપાલિકા.

નં. જીએડી/ઈએસટી/આર/ ૪૬૮
સુરત. તા.૧૨/૦૬/૨૦૧૮

**પ્રતિ,**

(૧) **જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ).....જાણ તથા અમલ માટે.**

(૨) **શ્રી કેતનભાઈ રામજીભાઈ વેકરીયા ....પ્રતિ જાણ માટે.**

(૩) **આસી. નોડલ ઓફિસરશ્રી(આર.ટી.આઈ. સેલ) પ્રતિ....જાણ માટે.**

**અરજદાર :–** શ્રી કેતનભાઈ રામજીભાઈ વેકરીયા

**સામાવાળા** :– ઈ.ચા.સેકશનઓફિસર(આર.)અને જાહેર માહિતી અધિકારી(રીક્રુટમેન્ટ)

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ – શ્રી કેતનભાઈ રામજીભાઈ વેકરીયાની તા.૧૬/૦૫/૨૦૧૮ના રોજની અપીલ અરજી નં.૨ ની માહિતી આપવા બાબત.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળ માહિતી / દસ્તાવેજો આપવા માટેની આપની આઈ.ડી.નં.૧૦૭, તા.૧૦/૦૪/૨૦૧૮ અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી ના પત્ર ક્રમાંક નં.સીસીસી/સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૦૭, તા.૧૧/૦૪/૨૦૧૮ થી અત્રેના વિભાગને તબદીલ કરવામાં આવેલ હોય, જે અત્રેના વિભાગને તા.૧૧/૦૪/૨૦૧૮ ના રોજ મળેલ છે જેમાં અરજદાર તરફથી સુરત મહાનગર પાલિકા ધ્વારા તા.૦૧/૦૪/૧૮ ના રોજ લો ઓફિસર અને તા.૦૮/૦૪/૧૮ ના રોજ આસી.લો. ઓફિસર ની લેવામાં આવેલ લેખિત પરીક્ષા માં અરજદારના પ્રશ્નપત્ર અને ઓ.એમ.આર. સીટની નકલ તેમજ કેટલા ઉમેદવારોએ પરીક્ષા આપેલ વિગેરે વિગત માંગેલ જે અન્વયે તેઓને માંગવામાં આવેલ માહિતી અત્રેના પત્રક્રમાક નં.જીએડી/ઈએસટી/આર/૨૩૯,તા.૦૮/૦૫/૨૦૧૮ થી માહિતી આપવામા અવેલ, તેમજ તેઓને તેમના પ્રશ્નપત્ર અને ઓ.એમ.આર. સીટનુ નિરીક્ષણ અર્થે તા.૧૫/૦૫/૨૦૧૮ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ હાજર રહેવા અત્રેના પત્ર ક્રમાંક નં. નં.જીએડી/ઈએસટી/આર/૨૩૯,તા.૦૮/૦૫/૨૦૧૮ થી જણાવવામાં આવેલ જે અન્વયે અરજદારને તા.૧૫/૦૫/૨૦૧૮ ના રોજ પ્રશ્નપત્ર અને ઓ.એમ.આર. સીટનુ નિરીક્ષણ કરવા દીધેલ છે તથા અન્ય માહિતી બાબતે મૌખિક પુર્તતા કરેલ છે અરજદારે " માંગેલી માહિતી પ્રમાણે નકલો આપેલ નથી ફકત નિરીક્ષણ કરાવેલ છે જે બાબતે અપીલ હકક અબાધિત રાખીએ છીએ." એમ લેખિતમાં આપેલ છે. અરજદાર જવાબથી નારાજ થઈ અપીલ અધિકારીશ્રીને ઉલ્લેખીને તા.૧૬/૦૫/૨૦૧૮ના રોજ અપીલ અરજી કરેલ હતી. જે અપીલ અરજી ક્રમાંક નં.૨ થી નોંધાયેલ છે.

સદર અપીલ અરજી બાબતે અરજદારશ્રીને પત્ર ક્રમાંક નં.જીએડી/ઈએસટી/આર/૩૪૬, તા.૨૨/૦૫/૨૦૧૮ના રોજ પત્ર લખી તા.૦૫/૦૬/૨૦૧૮ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ,જે અન્વયે અરજદારશ્રી તા.૦૫/૦૬/૧૮ના રોજ જે તે સમયના જાહેર માહિતી અધિકારી શ્રી અને અપીલ અધિકારીશ્રી સમક્ષ રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેલ તે દરમ્યાન " નમુના–ક માં આઈ.ડી.નં.૧૦૭ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી અરજદારને તેઓની પોતાની આન્સર સીટ (ઓ.એમ.આર.) ચેક કરવા દેવા જણાવેલ જે અનુસંધાને અરજદારે પોતાના એક પ્રશ્નની ચકાસણી કરેલ અને બાકીના પ્રશ્ન અરજદારે પોતે જ ચકાસણી કરવા ઈન્કાર કરેલ હતો " એમ લેખિતમાં આપેલ છે.

અરજદાર ધ્વારા તા.૧૬/૦૫/૨૦૧૮ ના રોજ કરેલ અપીલ સંદર્ભે તા.૨૨/૦૫/૨૦૧૮ ના પત્ર નં જીએડી /ઈએસટી/આર/૩૪૬ થી તા. ૦૫/૦૬/૧૮ ના સાંજે ૪ :૦૦ કલાકે રૂબરૂ સુનાવણી રાખેલ તે સમયે પણ અરજદારને જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારી ધ્વારા તેમની માંગણી સંદર્ભે સંતોષકારક જવાબ આપેલ તથા ફરીથી નિરીક્ષણ કરવા અંગે જણાયેલ તે બાબતે અજરદારે ઈન્કાર કરી અગાઉથી લેખિતમાં લઈ આવેલ અરજી રજુ કરેલ છે. જેમા મુદ્દા નં ૩ માં ભરતી પ્રક્રિયાની વિસ્તૃત માહિતી માંગેલ છે. આર.ટી.આઈ. એકટ મુજબ જાહેર માહિતી અધિકારી ધ્વારા રેકર્ડ ઉપર ઉપલબ્ધ માહિતી આપવાની હોય છે. અરજદારને માંગેલ માહિતીનો આ બાબતે કોઈ રેકર્ડ ઉપલબ્ધ હોય તો અરજદારને આપવાનો રહે પરંતુ આ એક વહીવટી પ્રક્રિયા છે જે બાબતે અરજદારને રૂબરૂમાં સમજ આપેલ હોવાનું જણાય છે. અપીલ ના મુદ્દા નં. ૨ માં જાહેર માહિતી અધિકારીએ મૂળ અરજીના મુદ્દા નં૩ બાબતે અશંતઃ અરજી તેઓને પત્ર નં. ૧૩૭, તા ૨૩/૦૪/૧૮ થી સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ વિભાગ ને અરજદારની જાણ હેઠળ તબદીલ કરેલ છે. આર.ટી.આઈ એકટ મુજબ સામાન્ય રીતે અરજી મળ્યાના દિન – ૫ માં જો માંગેલ માહિતી અન્ય જાહેર માહિતી અધિકારીને લાગત હોય તો તબદીલ કરવાની હોય છે આ કિસ્સામાં જાહેર માહિતી અધિકારી ધ્વારા નિયત સમય મર્યાદા બાદ અરજી અશંતઃ તબદીલ કરી છે જે બાબતે નિયત સમય મર્યાદામાં અરજી કરવા કાળજી રાખવા જાહેર માહિતી અધિકારીને તાકીદ કરવામાં આવે છે.

અપીલ મુદ્દા નં ૩ તથા ૪ માં અરજદારે કેટલા ઉમેદવારો પાસ થયા તેની વિગત માંગેલ છે તેની માહિતી આપેલ છે જયારે અન્ય ઉમેદવારોએ મેળવેલ માર્કસની વિગત માંગેલ છે. આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)ઠ મુજબ ત્રાહિત વ્યકિતને માહિતી આપી

ન શકાય જે મુજબ જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. અરજદારે માંગેલ માહિતી ના પક્ષકારો ખૂબ જ મોટી સંખ્યામાં હોય અને આ તમામ માહિતી ત્રાહિત પક્ષકારને લાગત હોય જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ જવાબ યોગ્ય હોવાનું જણાય છે.

અરજદારે અપીલના મુદ્દા નં ૫ માં તેઓની મૂળ અરજી ના મુદ્દા_નં ૬ ની માહિતી મળી નથી અને સંતોષકારક જવાબ મળેલ નથી તથા ૬ ની માહિતી મળે તે રીતે હુકમ કરવા રજુઆત કરેલ છે.

અરજદારની મૂળ અરજીના મુદ્દા નં. ૬ તથા ૭ માં લેખિત ટેસ્ટના કોલ લેટરમાં જણાયેલ પ્રશ્નપત્રમાં માળખા મુજબના કયા કયા સવાલો હતા તેની માહિતી માંગેલ છે. અરજદાર ને પ્રત્યક્ષ નિરીક્ષણ સમયે તેમજ અપીલ તબકકે પણ આ બાબતે અલગથી કોઈ રેકર્ડ નિભાવવામાં આવતો નથી કોલ લેટરમાં ઉમેદવારને પરીક્ષાલક્ષી તૈયારીમાં સરળતા રહે તે હેતુ માળખુ દર્શાવી ભારાંક કોલ લેટરમાં જણાવેલ છે અને પ્રશ્નપત્ર બાબતે અરજદારને પણ આ માળખુ આપવામાં આવેલ છે જે બાબતે અરજદારને રૂબરૂમાં સમજ આપવામાં આવેલ છે. અરજદારની મૂળ અરજી ના મુદ્દા નં ૮તથા ૯ માં કઈ આન્સર કીના આધારે ઉમેદવારના માર્કસ નકકી કરવામાં આવેલ તેની માહિતી માંગેલ જે બાબતે અરજદારને રૂબરૂમાં આન્સર કી બતાવેલ છે તથા તેની ખરાઈ બાબતે તેમની ઓ.એમ.આર. શીટ તથા પ્રશ્નપત્ર આપેલ છે જેની ૧ પ્રશ્નની ખરાઈ કરેલ છે. આમ અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા રૂબરૂ નિરીક્ષણ સમયે તેઓની ઓ.એમ.આર.શીટ / પ્રશ્નપત્ર/આન્સર કીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવા દેવામાં આવેલ હોવાનું જણાય છે.

અરજદારે માંગેલ માહિતીના ૧ થી ૫ બાબતે ઉપલબ્ધ રેકર્ડ તથા આર.ટી.આઈ. એકટ કાયદાની જોગવાઈ ને ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી ધ્વારા લેખિતમાં જવાબ આપેલ છે જે અંગે વધુ કોઈ માહિતી આપવાની રહેતી નથી જયારે મુદ્દા નં ૬ થી ૯ ની માહિતી બાબતે અરજદારને તા.૧૫/૦૫/૨૦૧૮ ના રોજ પ્રત્યક્ષ નિરીક્ષણ અર્થે બોલાવેલ તથા માંગેલ માહિતી બાબતે તેઓને તેમની ઓ.એમ.આર.શીટ,પ્રશ્નપત્ર તથા આન્સર કી બતાવેલ અને અરજદારે પોતાની આન્સર કી ના પ્રશ્નની ખરાઈ પોતાની ઓ.એમ.આર. શીટ સાથે પણ કરેલ ત્યાર બાદ ખરાઈ બંધ કરી નિરીક્ષણ કરેલ નથી. આમ અરજદારે પોતેજ માંગેલ માહિતી ની ખરાઈ કરી માહિતી મેળવી શકે તેમ છે. આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) ક થી ૮(૧)ડ ના અપવાદ કલમ ૧૧ ના ઉપલબ્ધ માં જાહેર હિત / સંસ્થા હિત પ્રભાવી છે કે કેમ ? જેને ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારી એ માહિતી આપવી કે કેમ ? તે બાબતે નિર્ણય લેવા સ્વતંત્ર છે અને અરજદારને પ્રત્યક્ષ નિરીક્ષણ સમયે તેમજ અપીલ તબકકે પણ પ્રશ્નપત્રની નકલ બાબતે સંસ્થા પાસે સંશોધનો મર્યાદિત હોય તેમજ પ્રશ્નપત્ર ની નકલ આપવાથી ભવિષ્યમા તેનો ગેરઉપયોગ થવાની સંભાવના ને ધ્યાને લઈ આપી શકાય નહી તેવી સમજ આપવામાં આવેલ છે.

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીની રજુઆત, અરજદારની રજુઆત તથા અપીલમાં કરેલી તકરાર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

હુકમ

અરજદારની અપીલ સંદર્ભે જાહેર માહિતી અધિકારી ધ્વારા ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપેલ છે તથા તેમની ઓ.એમ.આર. ,પ્રશ્નપત્ર, આન્સર કીનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવા દેવામાં આવેલ છે. વધુ કોઈ માહિતી આપવાની રહેતી નથી અરજદારની રજુઆતને ધ્યાને લેતા અન્ય જાહેર માહિતી અધિકારીને અરજી તબદીલના કિસ્સામાં નિયત સમય મર્યાદામાં અરજી તબદીલ કરવા જાહેર માહિતી અધિકારીને તાકીદ કરવામાં આવે છે. આમ છતા આર.ટી.આઈ. એકટના હેતુ ને ધ્યાને લઈ અરજદાર પોતે પરીક્ષામાં મેળવેલ માર્કસની ખરાઈ પોતાની ઓ.એમ.આર.શીટની નિરીક્ષણ કરી મેળવી શકે છે અને તેવુ કરવા માગતા હોય તો જાહેર માહિતી અધિકારીનો અગાઉથી સમય મેળવી આર.ટી.આઈ. એકટના નિયમાનુસાર પ્રત્યક્ષ નિરીક્ષણ કરવા સ્વતંત્ર છે અને અરજદારની તેવી માંગણી થયેથી અરજદારે પોતે આપેલ પરીક્ષાની ઓ.એમ.આર. શીટનુ પ્રત્યક્ષ નિરીક્ષણ આર.ટી.આઈ. એકટ ના નિયમ મુજબ નિયત ફી વસુલ લઈ કરવા દેવા હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

**(એસ એચ.વ્યાસ)**
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(રીક્રુટમેન્ટ)

નં. જીએડી/ઈએસટી/આર/૪૬૯
સુરત. તા.૧૨/૦૬/૨૦૧૮

સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ).....જાણ તથા અમલ માટે.

(૨) શ્રી કેતનભાઈ રામજીભાઈ વેકરીયા .... પ્રતિ,જાણ માટે.

(૩) આસી. નોડલ ઓફિસરશ્રી(આર.ટી.આઈ. સેલ) પ્રતિ....જાણ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા,**<br>**મહાનગર સેવા સદન,**<br>**મુગલસરાઈ,સુરત –૩૯૫૦૦૩.** | |

**અપીલ અરજી નં. ૦૪/૨૦૧૮–૧૯**

**અરજદાર :–** શ્રી એડવોકેટ કેતનભાઈ એમ.પટેલ
**સામાવાળા :–** સેકશનઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષય :– અરજદાર શ્રી એડવોકેટ કેતનભાઈ એમ.પટેલ ની તા.૨૧/૦૪/૨૦૧૮ મુળ અરજી આઈ. ડી.નં.૧૦૬ સંદર્ભે કરેલ અપીલ બાબત.
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૯/૦૬/૨૦૧૮ની અપીલ અરજી નં. ૪

અરજદાર શ્રી એડવોકેટ કેતનભાઈ એમ.પટેલ એ મુળ આઈ.ડી.નં.૧૦૬,તા.૨૧/૦૪/૨૦૧૮ રીક્રુટમેન્ટ વિભાગને સંબોધીને સાઉથ ઝોન (ઉધના) ખાતે અરજી કરેલ, જે અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર સાઉથ ઝોન(ઉધના) ધ્વારા નં.સા.ઝોન/ટેક/૧૭૫ની અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર સાઉથઝોન ના પત્ર ક્રમાંક નં.સા.ઝોન/ટેક/૧૭૫, તા.૨૩/૦૪/૨૦૧૮ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ જે અત્રેના વિભાગને તા.૨૫/૦૪/૨૦૧૮ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૨૫૩ થી નોંધાયેલ છે આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી/ઈએસટી/આર/૨૬૭,તા.૧૦/૦૫/૨૦૧૮ અને નં.જીએડી/ઈએસટી/આર/૩૩૬, તા.૧૯/૦૫/૨૦૧૮થી લાગત મુદ્દા નં.૧,૨,૧૦, ૧૧,૧૨, ૧૩ ની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ છે. ઉકત કરવામાં આવેલ પૂર્તતાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૯/૦૬/૨૦૧૮ ના રોજ પ્રથમ અપીલ અરજી અપીલ અધિકારીશ્રી અને પર્સોનેલ ઓફિસરશ્રી(આર)ને સંબોધીને કરેલ, જે ઈનવર્ડ નંબર ૮૯૯ થી નોંધાયેલ છે જેમાં તેઓએ અપીલ તબકકે " માંગવામાં આવેલ માહિતી અધુરી તથા માહિતી આપવામાં વિલંબ કરવામાં આવેલ હોવાનુ જણાવી મુદ્દા નં. ૨ માં તા.૧૭/૦૪/૨૦૧૮ ના રોજ ખડી સમિતિ સમક્ષ રજુ કરેલ અરજીઓની ઉમેદવારની સિનોપ્સીસની વિગતના રીપોર્ટની નકલની માહિતી આપેલ નથી" તેમ જણાવી અપીલ દાખલ કરેલ છે. જે અપીલ રજીસ્ટરમા અરજી ક્રમાંક નં.૪ થી નોંધાયેલ છે.

અરજદારે માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પૈકી મુદ્દા નં ૨ માં "તા.૧૭/૦૪/૨૦૧૮ ના રોજ ખડી સમિતિ સમક્ષ રજુ કરેલ અરજીઓની ઉમેદવારની સિનોપ્સીસની વિગતના રીપોર્ટની નકલ " ની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (રીક્રુટમેન્ટ વિભાગ) ધ્વારા પત્ર નંબર જીએડી/ઈઅસટી/આર / ૨૬૭, તા.૧૦/૦૫/૨૦૧૮ થી " પ્રસ્તુત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય પ્રસ્તુત માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી" તેમ જણાવી મહિતી /પૂર્તતા પાઠવવામાં આવેલ, જે મુજબ પુરી પાડવામાં આવેલ પૂર્તતા નિયમોનુસાર જણાય છે તેમ છતાં સદર અપીલ અરજી બાબતે અરજદારશ્રીને અત્રેના પત્ર ક્રમાંક નં.જીએડી/ઈએસટી/આર/૬૬૨, તા.૧૧/૦૭/૨૦૧૮ના રોજ પત્ર લખી તા.૧૯/૦૭/૨૦૧૮ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ,જે અન્વયે અરજદારશ્રી ધ્વારા તા.૧૯/૦૭/૧૮ના રોજ રૂબરૂ સુનાવણીના પત્ર સંબધે અન્ય કોઈ લેખિત રજુઆત કરેલ નથી તથા અરજદાર કે તેના પ્રતિનિધિ રૂબરૂ સુનાવણી માટે હાજર રહેલ નથી, જેથી અરજદારની અપીલ પરત્વે વધુ કઈ કાર્યવાહી કરવા જોગ જણાતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવા જોગ છે.

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં કરેલી તકરાર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદાર શ્રી એડવોકેટ કેતનભાઈ એમ.પટેલ દ્વારા તા.૨૯/૦૬/૨૦૧૮ ના રોજ કરાયેલ અપીલ અત્રેના ખાતાને તા.૨૯/ ૦૬ /૨૦૧૮ના રોજ મળેલ છે. સદર અપીલ બાબતે અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી અર્થે તા.૧૯/૦૭/૨૦૧૮ ના રોજ હાજર રહેવા લેખિતમાં જાણ કરવામાં આવેલ પરંતુ અરજદાર રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ નથી. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) ધ્વારા અરજદાર ને અરજીના લાગત મુદ્દા નં. ૧,૨,૧૦,૧૧,૧૨,૧૩ પરત્વે યોગ્ય અને નિયમોનુસારની

માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય તેમજ  અન્ય મુદ્દા બાબતે અન્ય લાગત વિભાગને અરજી તબદીલ  કરેલ હોય,  અપીલ અરજી પરત્વે વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/આર/૭૨૪
સુરત.,તા.૨૫/૦૭/૨૦૧૮

(એસ એચ.વ્યાસ)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(રીક્રુટમેન્ટ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી એડવોકેટ કેતનભાઈ એમ.પટેલ પ્રતિ.....જાણ સારૂ.
(૩) આસી. નોડલ ઓફિસરશ્રી(આર.ટી.આઈ. સેલ) પ્રતિ....જાણ માટે.

**સુરત મહાનગર પાલિકા,**
**મહાનગર સેવા સદન,**
**મુગલસરાઈ,સુરત –૩૯૫૦૦૩.**

**અપીલ અરજી નં. ૦૬/૨૦૧૮–૧૯**

**અરજદાર :–** શ્રી હિતેશ બી. મહેતા
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષય :– અરજદાર શ્રી હિતેશ બી. મહેતાની તા.૧૪/૦૬/૨૦૧૮ મુળ અરજી આઈ. ડી.નં.૬૪૯ સંદર્ભે કરેલ અપીલ બાબત.
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૧/૦૮/૨૦૧૮ની અપીલ અરજી નં. ૬

અરજદાર શ્રી હિતેશ બી.મહેતા એ મુળ આઈ.ડી.નં.૬૪૯,તા.૧૪/૦૬/૨૦૧૮ મધ્યસ્થ મહેકમ વિભાગને સંબોધીને સેન્ટ્રલ ઝોન સીવીક ખાતે અરજી કરેલ, જે અરજી પર્સોનેલ ઓફિસર (સે.ઝોન) અને ઈ.ચા.એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારી ધ્વારા તા.૧૫/૦૬/૨૦૧૮ ના રોજ નં.સીસીસીઈસીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૬૪૯ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ) અને એડી.માર્કેટ સુપ્રિટેન્ડેન્ટ અને જાહેર માહિતી અધિકારી(માર્કેટ ખાતા)ને તબદીલ કરવામાં આવેલ જે મધ્યસ્થ મહેકમ વિભાગના જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ વિભાગ)ના પત્ર ક્રમાંક નં.જીએડી/ઈએસટી/૨૨૬૪, તા.૧૮/૦૬/૨૦૧૮ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં અંશતઃ તબદીલ કરવામાં આવેલ જે અત્રેના વિભાગને તા.૧૮/૦૬/૨૦૧૮ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૭૭૬ થી નોંધાયેલ છે આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી/ઈએસટી /આર/૬૫૨,તા.૧૦/૦૭/૨૦૧૮ થી મુદ્દા નં. ૧ ની માહિતી અંશતઃ આપી અંશતઃ માહિતી માટે નકલના ચાર્જીસ જમા કરાવવા જાણ કરવામાં આવેલ, જે અન્વયે અરજદારે તા.૦૧/૦૮/૨૦૧૮ ના રોજ સેન્ટ્રલ ઝોન સીવીક ખાતે નકલ ચાર્જીસ રસીદ નં.૩૦૦/૮૧ થી રૂા. ૮/– (અંકે રૂપિયા આઠપૂરા)જમા કરવામાં આવેલ જે સંદર્ભે અત્રેના રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા નં જીએડી/ઈએસટી/આર/૭૯૨,તા.૦૨/૦૮/૨૦૧૮ થી મુદ્દા નં ૧ ની મહિતી અંગે નકલ નંગ ૪ ની માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે અપીલ અધિકારીશ્રી,મહેકમ ખાતા, સુરતને સંબોધીને તા.૦૧/૦૮/૨૦૧૮ ના રોજ સેન્ટ્રલ ઝોન સીટી સીવીક ખાતે અપીલ અરજી કરેલ જે અપીલ અરજી પર્સોનેલ ઓફિસર(મહેકમ) અને અપીલ અધિકારીશ્રી ધ્વારા નં.જીએડી /ઈએસટી /૩૪૯૦,તા. ૦૩/૦૮/૨૦૧૮ થી અપીલ અધિકારી પર્સોનેલ ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગને અંશતઃ તબદીલ કરેલ જે અપીલ અરજી ઈનવર્ડ નં.૧૨૩૧,તા. ૦૩/૦૮/૨૦૧૮ થી નોંધાયેલ છે જેમાં તેઓએ અપીલ તબકકે " તા.૨૭/૦૬/૨૦૧૮ ના નિર્ણયથી નારાજ છુ, મહેકમ ખાતા વિભાગમાં માંગવા બાબત મુદ્દા નં. ૧ થી નારાજ" તેમ જણાવી અપીલ દાખલ કરેલ છે. જે અપીલ રજીસ્ટરમા અરજી ક્રમાંક નં.૬ થી નોંધાયેલ છે.

અરજદારે માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પૈકી મુદ્દા નં ૧ ની અંશતઃ માહિતી " ૨૦૧૪ થી ૨૦૧૭ સુધીમાં સુરત મહાનગર પાલિકાના માર્કેટ ખાતામાં ભરતી થયેલ ડ્રાઈવરોની ઉંચાઈ તેમજ ભરતીના ઠરાવની નકલ" ની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (રીક્રુટમેન્ટ વિભાગ) ધ્વારા પત્ર નંબર જીએડી/ઈઅસટી/ આર /૬૫૨, તા.૧૦/૦૭/૨૦૧૮ થી " માંગવમાં આવેલ માહિતી પૈકી ડ્રાઈવરોની ઉંચાઈ બાબતે પ્રસ્તુત માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય પ્રસ્તુત માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી તેમજ ભરતીના નિયમોની નકલ અંગે રૂપિયા ૮/– જમા કરાવવા અંગે જણાવેલ જે અન્વયે અરજદારે તા.૦૧/૦૮/૨૦૧૮ ના રોજ સેન્ટ્રલ ઝોન સીવીક ખાતે નકલ ચાર્જીસ રસીદ નં.૩૦૦/૮૧ થી રૂા. ૮/– (અંકે રૂપિયા આઠ પૂરા)જમા કરવામાં આવેલ જે સંદર્ભે જાહેર માહિતી અને સેકશન ઓફિસર (રીક્રુટમેન્ટ વિભાગ) ધ્વારા પત્ર નંબર જીએડી/ઈઅસટી/ આર / ૭૯૨, તા.૦૨/૦૮/૨૦૧૮ થી પૂર્તતા પાઠવવામા આવેલ છે. " સદર અપીલ અરજીમાં તા.૨૭/૦૬/૨૦૧૮ ના નિર્ણય થી નારાજ થયેલ છે એમ જણાવેલ છે જયારે મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા તા. ૦૨/૦૮/૨૦૧૮ થી પૂર્તતા પાઠવવામાં આવેલ છે. જે પાડવામાં આવેલ પૂર્તતા નિયમોનુસાર જણાય છે જેથી અરજદારની અપીલ પરત્વે વધુ કઈ કાર્યવાહી કરવા જોગ જણાતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવા જોગ છે.

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં કરેલી તકરાર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદાર શ્રી હિતેશ બી.મહેતા દ્વારા તા.૦૧/૦૮/૨૦૧૮ ના રોજ કરાયેલ અપીલ અત્રેના ખાતાને તા.૦૩/૦૮ /૨૦૧૮ના રોજ મળેલ છે. સદર અપીલ બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) ધ્વારા અરજદાર ને અરજીના લાગત મુદ્દા નં. ૧ પરત્વે યોગ્ય અને નિયમોનુસારની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય , અપીલ અરજી પરત્વે વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

નં.જીએડી/ઈએસટી/આર/૯૪૭
સુરત.,તા.૨૮/૦૮/૨૦૧૮

(એસ એચ.વ્યાસ)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(રીક્રુટમેન્ટ)
સુરત મહાનગરપાલિકા

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી હિતેશ બી.મહેતા, પ્રતિ....જાણ સારૂ.
(૩) આસી. નોડલ ઓફિસરશ્રી(આર.ટી.આઈ. સેલ) પ્રતિ....જાણ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા,**<br>**મહાનગર સેવા સદન,**<br>**મુગલસરાઈ,સુરત –૩૯૫૦૦૩.** | |

**અપીલ અરજી નં. ૧૦/૨૦૧૮–૧૯**

**અરજદાર :–** શ્રી જીગ્નેશ ચૌહાણ
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ)અને જાહેર માહિતી અધિકારી.

**ફરીયાદની હકીકત :–**

વિષય :– અરજદાર શ્રી જીગ્નેશ ચૌહાણની તા.૧૨/૦૬/૨૦૧૮ મુળ અરજી આઈ. ડી.નં.૧૯૧ સંદર્ભે કરેલ અપીલ બાબત.
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૮/૦૮/૨૦૧૮ની અપીલ અરજી નં. ૧૦

અરજદાર શ્રી જીગ્નેશ ચૌહાણએ મુળ આઈ.ડી.નં.૧૯૧,તા.૧૨/૦૬/૨૦૧૮ જાહેર માહિતી અધિકારીશ્રી સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનને સંબોધીને સાઉથ ઝોન ખાતે તા.૧૨/૦૬/૨૦૧૮ ના રોજ અરજી કરેલ, જે અરજી જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસર મહેકમ વિભાગ,સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન ધ્વારા તા.૨૯/૦૬/૨૦૧૮ ના રોજ નં.સા.વે.(અઠવા)ઝોન/ આર . ટી. આઈ/આ/૫૯૮ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ), જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(મધ્યસ્થ મહેકમ –ઈન્કવાયરી વિભાગ) અને અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં અંશતઃ તબદીલ કરવામાં આવેલ જે અત્રેના વિભાગને તા.૩૦ /૦૬/૨૦૧૮ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૯૧૩ થી નોંધાયેલ છે આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી/ઈએસટી /આર/૬૫૩,તા.૧૦/૦૭/૨૦૧૮ થી મુદ્દા નં. ૧૦ માં માંગવામાં આવેલ માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે પ્રથમ અપીલ અધિકારીશ્રી ,પર્સોનેલ ઓફિસર(આર)ને સંબોધીને તા.૦૮/૦૮/૨૦૧૮ ના રોજ સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન ખાતે અપીલ અરજી કરેલ જે અપીલ અરજી અપીલ અધિકારી અને આસી.કમિશ્નર,રાઈટ ટુ ઈનર્ફોમેશન સેલ.,સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન ધ્વારા નં.સા.વે.ઝોન(અઠવા)/આર.ટી.આઈ./આ/૧૩૪ તા. ૨૯/૦૮/૨૦૧૮ થી અપીલ અધિકારી પર્સોનેલ ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગને અંશતઃ તબદીલ કરેલ જે અપીલ અરજી ઈનવર્ડ નં.૧૪૮૭,તા. ૦૧/૦૯/૨૦૧૮ થી નોંધાયેલ છે જેમાં તેઓએ અપીલ તબકકે " માહિતી જે વિભાગ સાથે સંકળાયેલ હોય જે તે વિભાગમાં નિયમ મુજબ માગતી માહિતી જે અધિકાર અધિનિયમન –૨૦૦૫ ની અરજી જે તે વિભાગમાં તબદીલ કરવાની થાય છે, પરંતુ સદર કામના જાહેર માહિતી અધિકાર ધ્વારા કાયદાનો અનાદર કરેલ હોય, જે ગંભીર બાબત હોય, તેથી પણ સદરહુ તમામ માહિતી અમો અપીલકર્તાને પ્રાપ્ત કરતો હુકમ ન્યાયિક હુકમ રહેશે.તેથી સદરહુ તમામ વિષયે ન્યાયિક માહિતી પ્રદાન કરતો ન્યાયિક હુકમ કરશોજી." તેમ જણાવી અપીલ દાખલ કરેલ છે. જે અપીલ રજીસ્ટરમા અરજી ક્રમાંક નં.૧૦ થી નોંધાયેલ છે.

અરજદારે માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પૈકી મુદ્દા નં ૧૦ માં " અરજદારે દક્ષેશકુમાર બાબુભાઈ જાદવ (આસી.એન્જીનીયર) ની એસ.એમ.સીમાં નોકરી મેળવવા માટે ભરેલ ફોર્મની પ્રમાણીત નકલ માંગવામાં આવેલ" જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (રીક્રુટમેન્ટ વિભાગ) ધ્વારા પત્ર નંબર જીએડી/ઈએસટી/ આર /૬૫૩, તા.૧૦/૦૭/૨૦૧૮ થી પૂર્તતામાં " એસ.એમ.સી માં નોકરી મેળવવા માટે ભરેલ ફોર્મ અત્રેથી મધ્યસ્થ મહેકમ વિભાગમાં જમા કરાવામાં આવેલ હોય સદર માહિતી અત્રેથી પુરી પાડી શકાય તેમ નથી" તેમ પ્રત્યુતર પાઠવવામાં આવેલ. સદર અપીલ અરજીમાં " માહિતી જે વિભાગ સાથે સંકળાયેલ હોય જે તે વિભાગમાં નિયમ મુજબ માગતી માહિતી જે અધિકાર અધિનિયમન –૨૦૦૫ ની અરજી જે તે વિભાગમાં તબદીલ કરવાની થાય છે, પરંતુ સદર કામના જાહેર માહિતી અધિકાર ધ્વારા કાયદાનો અનાદર કરેલ હોય, જે ગંભીર બાબત હોય, તેથી પણ સદરહુ તમામ માહિતી અમો અપીલકર્તાને પ્રાપ્ત કરતો હુકમ ન્યાયિક હુકમ રહેશે. તેથી સદરહુ તમામ વિષયે ન્યાયિક માહિતી પ્રદાન કરતો ન્યાયિક હુકમ કરશોજી." એમ જણાવેલ છે.

અરજદારની ઉપરોકત અપીલ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીનો અત્રેથી પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૦૩૦ તા.૦૭/૦૯/૨૦૧૮ થી અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ જેના અનુસંધાનમાં તેઓના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૫૧ તા.૧૦/૦૯/૨૦૧૮ ના પત્રથી જરૂરી પૂર્તતા અહેવાલ અત્રે મોકલાવેલ છે. જેમા તેઓના જણાવ્યા મુજબ તા.૧૨/૦૬/૨૦૧૮ની આઈ.ડી.નં.૧૯૧ જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી,મહેકમ વિભાગ, સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન ધ્વારા અત્રેની કચેરી ઉપરાંત જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ વિભાગને પણ એક–સાથે જ અરજદારશ્રીની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ હતી. જેથી અત્રેથી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમને ફરીથી તબદીલ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વધુમાં કોઈ પણ જગ્યા માટેની ભરતીની પ્રક્રિયા પૂર્ણ

થતા પસંદગીયાદી/પ્રતિક્ષાયાદીમાં પસંદ થયેલ ઉમેદવારોની અરજી સહિતની મૂળ ફાઈલ મહેકમ વિભાગને મોકલવામાં આવતી હોય અરજદાર ધ્વારા માંગવમાં આવેલ માહિતી અત્રેના વિભાગમાં ઉપલબ્ધ ન હોય તેઓને તા.૧૦/૦૭/૧૮ ના રોજ આપવામાં આવેલ માહિતી યથાયોગ્ય હોય, આમ સદર કામે જાહેર માહિતી અધિકારી ધ્વારા કાયદાનો કોઈ અનાદર કરવામાં આવેલ નથી તેમ જણાયેલ છે.

અરજદારની અપીલ તથા જાહેર માહિતી અધિકારીશ્રીના પૂર્તતા રીપોર્ટને અરજદારને નિયત સમય મર્યાદામાં જવાબ પાઠવેલ છે. પરંતુ અરજદારે આ અરજી લાગત વિભાગને તબદીલ થયેલ નથી અરજદારને તે બાબતનો વાંધો છે,જયારે જાહેર માહિતી અધિકારીશ્રીના પૂર્તતા રીપોર્ટમાં તેઓની અરજી અન્ય લાગત વિભાગ એટલે કે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરને આ અરજી મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરી નથી જયારે તબદીલ કરનાર મૂળ જાહેર માહિતી અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(અઠવા ઝોન)ધ્વારા અરજદારની જાણ હેઠળ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી,મધ્યસ્થ મહેકમ વિભાગને તબદીલ કરેલ છે, આમ અરજદારની અપીલ અરજી સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી અત્રેથી કરવાની રહેતી નથી જયારે અરજદારની અપીલ અરજી પણ અરજદાર ધ્વારા અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી, મધ્યસ્થ મહેકમ વિભાગને સાઉથ વેસ્ટ ઝોન(અઠવા)ના પત્ર નં.સા.વે.ઝોન/આર.ટી.આઈ. /ઈન / નં./૬૦ તા.૦૮/૦૮/૨૦૧૮ થી તબદીલ કરવામાં આવી છે.

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં કરેલી તકરાર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદાર શ્રી જીગ્નેશ ચૌહાણ દ્વારા તા.૦૮/૦૮/૨૦૧૮ ના રોજ કરાયેલ અપીલ અત્રેના ખાતાને તા.૦૧/૦૯ /૨૦૧૮ના રોજ મળેલ છે. સદર અપીલ બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) ધ્વારા અરજદાર ને અરજીના લાગત મુદ્દા નં. ૧૦ પરત્વે યોગ્ય અને નિયમોનુસારની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય , અરજદાને જોઈતી માહિતી અત્રેના રીક્રુટમેન્ટ વિભાગમાં ઉપલબ્ધ ન હોય અને આ માહિતી મધ્યસ્થ મહેકમ વિભાગમાં ઉપલબ્ધ હોય અરજદારની મૂળ અરજી તેઓની જાણ હેઠળ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (મધ્યસ્થ મહેકમ) વિભાગને તબદીલ થયેલ હોય તથા અપીલ અરજી પણ લાગત વિભાગમાં કરેલ હોય અરજદારશ્રી અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી,મધ્યસ્થ મહેકમ વિભાગને અપીલ તબકકે આ બાબતે જોઈતી માહિતી અંગે રજુઆત કરી તે સંદર્ભે જરૂરી હુકમ મેળવી જોઈતી માહિતી મેળવવા સ્વતંત્ર છે. આ અપીલ અરજી પરત્વે વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

(એસ. એચ.વ્યાસ)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(રીક્રુટમેન્ટ)
સુરત મહાનગરપાલિકા.

નં. જીએડી/ઈએસટી/આર/૧૦૫૯
સુરત. તા.૧૨/૦૯/૨૦૧૮

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી જીગ્નેશ ચૌહાણ પ્રતિ................ સારૂ.
(૩) આસી. નોડલ ઓફિસરશ્રી(આર.ટી.આઈ. સેલ) પ્રતિ....જાણ માટે.
(૪) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ) પ્રતિ.....જાણ માટે.
(૫) અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ)પ્રતિ.....જાણ માટે.

**સુરત મહાનગર પાલિકા,**
**મહાનગર સેવા સદન,**
**મુગલસરાઈ,સુરત –૩૯૫૦૦૩.**

**<u>અપીલ અરજી નં. ૯/૨૦૧૮–૧૯</u>**

**અરજદાર :–** શ્રી કેતનભાઈ રામજીભાઈ વેકરીયા.
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ)અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

વિષય :– અરજદાર શ્રી કેતનભાઈ રામજીભાઈ વેકરીયા તા.૦૭/૦૭/૨૦૧૮ મુળ અરજી આઈ. ડી.નં.૨૧૬ સંદર્ભે કરેલ અપીલ બાબત.
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૭/૦૮/૨૦૧૮ની અપીલ અરજી નં. ૦૯

અરજદાર શ્રી કેતનભાઈ રામજીભાઈ વેકરીયા એ મુળ આઈ.ડી.નં.૨૧૬,તા.૦૭/૦૭/૨૦૧૮ જાહેર માહિતી અધિકારીશ્રી,કમિશનરશ્રીને સંબોધીને મધ્યસ્થ કચેરી ખાતે અરજી કરેલ, જે અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ધ્વારા નં.સી./આર.ટી.આઈ./૨૧૬ થી અરજી જાહેર માહિતી અધિકારી અને મધ્યસ્થ મહેકમ વિભાગમાં તબદીલ કરવામાં આવેલ, જે અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી(મધ્યસ્થ મહેકમ)વિભાગના પત્ર ક્રમાંક નં.જીએડી/ઈએસટી/૨૮૧૮, તા.૧૦/૦૭/૨૦૧૮ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં અંશતઃ તબદીલ કરવામાં આવેલ જે અત્રેના વિભાગને તા.૧૦/૦૭/૨૦૧૮ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૦૧૭ થી નોંધાયેલ છે આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી/ઈએસટી/આર/૭૯૫,તા.૦૩/૦૮/૨૦૧૮ લાગત મુદ્દા નં.૧ થી૪ ની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ છે. ઉકત કરવામાં આવેલ પૂર્તતાથી નારાજ થઈ અરજદાર ધ્વારા તા.૨૭/૦૮/૨૦૧૮ ના રોજ પ્રથમ અપીલ અરજી અપીલ અધિકારીશ્રી,રીક્રુટમેન્ટ વિભાગને સંબોધીને સેન્ટ્રલ સીવીક સેન્ટર ખાતે કરેલ, જે અપીલ અરજી તા.૨૮/૦૮/૨૦૧૮ ના રોજ પત્ર નં.સી.સી.સી/સેન્ટ્રલ ઝોન/આઉટ/૧૭૭ થી તબદીલ કરેલ જે ઈનવર્ડ નંબર ૧૪૪૧ થી નોંધાયેલ છે જેમાં તેઓએ અપીલ તબકકે " નં જીએડી/ઈએસટી/આર/૭૯૫,તા.૦૩/૦૮/૨૦૧૮ થી મોકલેલી હકીકતથી વિપરીત માહિતી આપેલી છે અને જે હમોને વાસ્તાવિકતાથી દુર લઈ જવાની કોશિષના ભાગરૂપ હોય તેવુ સ્પષ્ટ જણાઈ આવે છે. આમ કાયદાની રૂએ ખરેખર અમને આપવા લાયક માહિતી જાણી જોઈને આપેલ નથી અને સદર માહિતી આપવાથી લોકોને સુરત મહાનગરપાલિકામાં થતી ભરતીમાં જાહેર જનતાની વિશ્વસનિયતા ટકી રહે તેમ છે, પરંતુ જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા કંઈક છુપાવામાં આવેલ હોય તેમ જાહેર હિતની માહિતી અમોને આપવામાં આવેલ નથી વિગેરે" તેમ જણાવી અપીલ દાખલ કરેલ છે. જે અપીલ રજીસ્ટરમા અરજી ક્રમાંક નં. ૯ થી નોંધાયેલ છે.

અરજદારે માંગેલ માહિતી પૈકી મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગને લાગત જણાતા મુદ્દાઓ પૈકી મુદ્દા નં ૧ થી ૪ માં " રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા લેવાયેલ લો ઓફિસર અને આસી.લો ઓફિસરની ખાલી જગ્યા ભરવા માટે લેખિત પરીક્ષા તેમજ પર્સનલ ઈન્ટરવ્યુમાં ભાગ લીધેલ તમામ ઉમેદવારોના મેળવેલ માર્કસની વિગત માંગવામાં આવેલ છે તથા લો ઓફિસર અને આસી.લો ઓફિસરની પ્રતિક્ષાયાદી કયા કાયદા /નિયમ/ઠરાવ અંગેની વિસ્તુત માહિતીની " માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (રીક્રુટમેન્ટ વિભાગ) ધ્વારા પત્ર નંબર જીએડી/ઈઅસટી/ આર / ૭૯૫ તા.૦૩/૦૮/૨૦૧૮ થી " અરજદારના લો ઓફિસર અને આસી. લો ઓફિસરની લેખિત પરીક્ષા તેમજ પર્સનલ ઈન્ટવ્યુના માર્કસની માહિતી આપવામાં આવેલ છે જયારે ભાગ લીધેલ તમામ ઉમેદવારોની માહિતી જાહેર ગતિવિધિ અથવા હિત સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ ધરાવતી હોવાનું જણાતુ ન હોય પ્રસ્તુત માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧) (ઠ) મુજબ પુરી પાડવા જોગ નથી" તેમ જણાવી માહિતી /પૂર્તતા પાઠવવામાં આવેલ, જે પૂર્તતા નિયમોનુસારની જણાય છે તેમ છતાં સદર અપીલ અરજી બાબતે અરજદારશ્રીને અત્રેના પત્ર ક્રમાંક નં.જીએડી/ઈએસટી/આર/૧૦૨૫, તા.૦૭/૦૯/૨૦૧૮ના રોજ પત્ર લખી તા.૧૪/૦૯/૨૦૧૮ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ, પરંતુ જુદા જુદા કારણસર જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારી તા. ૧૪/૦૯/૨૦૧૮ તા.૧૫/૦૯/૨૦૧૮ ના રોજ હાજર રહી શકે તેમ ન હોવાથી અરજદારશ્રીને ટેલીફોનિક સૂચના આપતા તા.૧૯/૦૯/૨૦૧૮ ના રોજ અરજદારશ્રી રૂબરૂ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ, તેઓને તા.૧૯/૦૯/૨૦૧૮ ના રોજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર અને અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસરશ્રીની સમક્ષ તેઓને લો ઓફિસર અને આસી. લો ઓફિસરની જગ્યા માટે આપેલ લેખિત પરીક્ષા અને પર્સનલ ઈન્ટવ્યુમાં ભાગ તેમણે મેળવેલ માર્કસની માહિતી આપવામાં આવેલ છે જેથી અત્રેથી વધુ કોઈ માહિતી આપવાની રહેતી નથી જેથી અરજદારની અપીલ પરત્વે વધુ કંઈ કાર્યવાહી કરવા જોગ જણાતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવા જોગ છે.

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં કરેલી તકરાર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદારશ્રી કેતનભાઈ રામજીભાઈ વેકરીયા દ્વારા તા.૨૭/૦૮/૨૦૧૮ ના રોજ કરાયેલ અપીલ અત્રેના ખાતાને તા.૨૯/ ૦૮ /૨૦૧૮ના રોજ મળેલ છે. સદર અપીલ બાબતે અરજદારશ્રીને રૂબરૂ સુનાવણી અર્થે તા.૧૯/૦૯/૨૦૧૮ ના રોજ હાજર રહેવા મૌખિક જાણ કરવામાં આવેલ અરજદારશ્રી તા.૧૯/૦૯/૨૦૧૮ ના રોજ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ જેમને માંગવામાં આવેલ માહિતી બાબતે રેકર્ડની ચકાસણી કરવવામાં આવેલ છે, આમ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) ધ્વારા અરજદારશ્રીને અત્રેના વિભાગમાં લાગત અરજીના મુદ્દા નં. ૧ થી ૪ પરત્વે યોગ્ય અને નિયમોનુસારની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય તેમજ અન્ય મુદ્દા બાબતે અન્ય લાગત વિભાગને અરજી તબદીલ કરેલ હોય, અપીલ અરજી પરત્વે વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ ન હોય, અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

(એસ. એચ.વ્યાસ)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(રીક્રુટમેન્ટ)
સુરત મહાનગરપાલિકા.

નં. જીએડી/ઈએસટી/આર/૧૧૧૮
સુરત. તા. ૨૦/૦૯/૨૦૧૮

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી કેતનભાઈ રામજીભાઈ વેકરીયા પ્રતિ.............................. જાણ સારૂ.
(૩) આસી. નોડલ ઓફિસરશ્રી(આર.ટી.આઈ. સેલ) પ્રતિ....જાણ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **સુરત મહાનગર પાલિકા,**<br>**મહાનગર સેવા સદન,**<br>**મુગલસરાઈ,સુરત –૩૯૫૦૦૩.** | |

**<u>અપીલ અરજી નં. ૧૧/૨૦૧૮–૧૯</u>**

**અરજદાર :–** શ્રી પીંકલ પી.ઘીવાળા
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ)અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

વિષય :– અરજદાર શ્રી પીંકલ પી.ઘીવાળાની તા.૦૭/૦૭/૨૦૧૮ મુળ અરજી આઈ. ડી.નં.૩૨૯ સંદર્ભે કરેલ અપીલ બાબત.
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૩/૦૮/૨૦૧૮ની અપીલ અરજી નં. ૧૧.

અરજદાર શ્રી પીંકલ પી.ઘીવાળાએ મુળ આઈ.ડી.નં.૩૨૯,તા.૦૭/૦૭/૨૦૧૮ જાહેર માહિતી અધિકારી વેસ્ટ ઝોન ને સંબોધીને તા.૦૭/૦૭/૨૦૧૮ ના રોજ અરજી કરેલ હતી જે અરજી જાહેર માહિતી અધિકારી અને સંકલન/આસી.લો ઓફિસર, વેસ્ટ(રાંદેર)ઝોનના પત્રક્રમાક નં.વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૧૦૮૭, તા.૨૦/૦૮/૨૦૧૮ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં અંશતઃ તબદીલ કરવામાં આવેલ જે અત્રેના વિભાગને તા.૨૪/૦૮/૨૦૧૮ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૪૧૫ થી નોંધાયેલ છે આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી નિયત નમુના –ગ પત્ર નં જીએડી/ઈએસટી /આર/૧૦૮૪,તા.૧૭/૦૯/૨૦૧૮ થી મુદ્દા નં. ૧ થી ૫ માં માંગવામાં આવેલ માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે પ્રથમ અપીલ અધિકારીશ્રી ,વેસ્ટ(રાંદેર) ઝોનને સંબોધીને તા.૧૩/૦૮/૨૦૧૮ ના રોજ અપીલ અરજી કરેલ જે અપીલ અરજી અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર, વેસ્ટ ઝોન ધ્વારા નં.વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૧૨૨૬ તા. ૩૧/૦૮/૨૦૧૮ થી અપીલ અધિકારી પર્સોનેલ ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગને અંશતઃ તબદીલ કરેલ જે અપીલ અરજી તા.૧૧/૦૯/૨૦૧૮ ના રોજ મળેલ જે ઈનવર્ડ નં.૧૫૮૭ થી નોંધાયેલ છે જેમાં તેઓએ અપીલ તબકકે " સમય મર્યાદા બાદ પણ પૂર્તતા કરવામાં આવેલ નથી." તેમ જણાવી અપીલ દાખલ કરેલ છે. જે અપીલ રજીસ્ટરમા અરજી ક્રમાંક નં.૧૧ થી નોંધાયેલ છે.

અરજદારે માંગેલ માહિતી મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગને લાગત જણાતા મુદ્દામાં " અરજદારે સુરત મહાનગરપાલિકામાં ઉપલબ્ધ રેકર્ડ પર કરવામાં આવતા ચા પાણી નાસ્તા છેલ્લા પાંચ વર્ષે કરવામાં આવેલ ખર્ચાને લાગતી વિગેરે " માહિતી માંગવામાં આવેલ હતી. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)વિભાગ ધ્વારા પત્ર નંબર જીએડી/ઈએસટી/ આર /૧૦૮૪, તા. ૧૭/ ૦૯/૨૦૧૮ થી પૂર્તતા પાઠવવામાં આવેલ. સદર અપીલ અરજીમાં " સમય મર્યાદા બાદ પણ પૂર્તતા કરવામાં આવેલ નથી." એમ જણાવેલ છે.

અરજદારની ઉપરોકત અપીલ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીનો અત્રેથી પત્ર નં. જીએડી/ ઈએસટી/ આર/૧૦૯૩ તા.૧૮/૦૯/૨૦૧૮ થી અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ જેના અનુસંધાનમાં તેઓના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૧૦૮ તા. ૧૯/૦૯/૨૦૧૮ ના પત્રથી જરૂરી પૂર્તતા અહેવાલ અત્રે મોકલાવેલ છે. જેમા તેઓના જણાવ્યા મુજબ તા.૦૭/૦૭/૨૦૧૮ની આઈ.ડી.નં.૩૨૯ જાહેર માહિતી અધિકારીશ્રી, વેસ્ટ ઝોન ને સંબોધીને તા.૦૭/૦૭/૨૦૧૮ ના રોજ અરજી કરેલ હતી જે અરજી જાહેર માહિતી અધિકારી અને સંકલન/આસી.લો ઓફિસરશ્રી, વેસ્ટ(રાંદેર)ઝોનના પત્રક્રમાક નં.વેસ્ટ ઝોન/આરટીઆઈસેલ/૧૦૮૭, તા.૨૦/૦૮/૨૦૧૮ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં અંશતઃ તબદીલ કરવામાં આવેલ જે અત્રેના વિભાગને તા.૨૪/૦૮/૨૦૧૮ ના રોજ મળેલ છે. આમ વેસ્ટ ઝોન ધ્વારા સદરહુ અરજી પ્રથમથી જ ૪૯ દિવસ મોડી તબદીલ કરવામાં આવેલ હતી.સદરહુ અરજી મળ્યા બાદ અરજીમાં માંગ્યા મુજબની માહિતી અંગેના છેલ્લા પાંચ વર્ષના રેકર્ડની ચકાસણી કરી માહિતી તૈયાર કરી અરજદારશ્રીને અત્રેના નં. જીએડી/ઈએસટી/આર/૧૦૮૪ તા.૧૭/૦૯/૨૦૧૮ થી અત્રેની કચેરીએ ઉપલબ્ધ માહિતી આપવામાં આવેલ છે. દરમ્યાનમાં અરજદારે સમય મર્યાદા બાદ પણ પૂર્તતા ન કરવાના કારણસર તા.૧૩/૦૮/૨૦૧૮ના રોજ વેસ્ટ(રાંદેર)ઝોન અપીલ અરજી કરી હતી. સદર અપીલ અરજી વેસ્ટ ઝોન ધ્વારા નં.વેસ્ટ (રાંદેર)ઝોન/આર.ટી.આઈ.સેલ/૧૨૨૬ તા.૩૧/૦૮/૨૦૧૮ થી તબદીલ કરવામાં આવેલ છે જે અપીલ અરજી તા.૧૧/૦૯/૨૦૧૮ ના રોજ અત્રે મળેલ છે. આમ વેસ્ટ (રાંદેર)ઝોન ધ્વારા મૂળ આઈ.ડી. ખૂબ જ મોડી તબદીલ કરાતા તેમજ તે બાદ અત્રેની કચેરીમાં ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરી માંગ્યા મુજબની માહિતી તૈયાર કરતા સમય જતા માહિતી સમય મર્યાદામાં પુરી પાડી શકાયેલ નથી

અરજદારની અપીલ તથા જાહેર માહિતી અધિકારીશ્રીના પૂર્તતા રીપોર્ટને ધ્યાને લેતા અરજદારની મૂળ આઈ.ડી.નં.૩૨૯ અત્રેની કચેરીએ ૪૯ દિવસ પછી અરજી મળેલ હોય જેથી માંગવામાં આવેલ માહિતીની રેકર્ડ પર ચકાસણી કરી માહિતી તૈયાર કરવામાં

સમય જતા  નિયત  સમય મર્યાદામાં જવાબ આપવામાં આવેલ નથી. આમ અરજદારની અપીલ  અરજી સંદર્ભે વધુ કોઈ કાર્યવાહી અત્રેથી કરવાની રહેતી નથી.

વધુમાં સદર અપીલ અરજી બાબતે  અરજદારે સમય મર્યાદા બાદ પણ પૂર્તતા ન કરવાના કારણસર તા.૧૩/૦૮/૨૦૧૮ના રોજ વેસ્ટ(રાંદેર)ઝોન અપીલ અરજી કરી હતી. સદર અપીલ અરજી વેસ્ટ ઝોન ધ્વારા નં.વેસ્ટ (રાંદેર)ઝોન /આર.ટી . આઈ.સેલ /૧૨૨૬  તા.૩૧/૦૮/૨૦૧૮ થી તબદીલ કરવામાં આવેલ છે જે અપીલ અરજી તા.૧૧/૦૯/૨૦૧૮ ના રોજ અત્રે મળેલ છે.

અરજદારની નમુના–ક ની અરજી, જાહેર માહિતી અધિકારીનો જવાબ, અપીલમાં કરેલી તકરાર ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરી અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે.

**હુકમ**

અરજદાર શ્રી પીંકલ પી.ઘીવાળા  દ્વારા તા.૧૩/૦૮/૨૦૧૮ ના રોજ કરાયેલ અપીલ અત્રેના ખાતાને તા.૧૧/૦૯ /૨૦૧૮ના રોજ મળેલ છે. સદર અપીલ બાબતે  આઈ.ડી.૩૨૯ અત્રેના ખાતામાં ૪૯ દિવસ પછી મળતા  માહિતીની રેકર્ડ પર ચકાસણી કરી માહિતી તૈયાર કરવામાં સમય જતા  નિયત  સમય મર્યાદામાં જવાબ આપવામાં આવેલ નથી. તથા અરજદારને જાહેર માહિતી અધિકારી ધ્વારા અત્રેની કચેરીના પત્ર નં. જીએડી/ઈએસટી/આર/૧૦૮૪ તા. ૧૭/૦૯/૨૦૧૮ થી અરજદારને માહિતી આપવામાં આવી છે.જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (રીક્રુટમેન્ટ) વિભાગ ધ્વારા અરજદાર ને અરજીમાં માંગવામાં આવેલ માહિતી પરત્વે  યોગ્ય અને નિયમોનુસારની માહિતી /પૂર્તતા પુરી પાડવામાં આવેલ હોય , આ અપીલ અરજી પરત્વે વધુ કઈ કાર્યવાહી કરવાનું જરૂરી જણાતુ નથી. અરજદારની પ્રથમ અપીલ તબકકે નિયત સમય મર્યાદામાં માહિતી મળી નથી જે બાબતે મૂળ અરજી વેસ્ટ ઝોન ધ્વારા મોડી તબદીલ થયેલ હોવાનું જણાય છે તે બાબતની જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા તા.૧૭/૦૯/૨૦૧૮ ના રોજ પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૮૪ ધ્વારા માહિતી આપવામાં આવેલ હોય હાલના અપીલ તબકકે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી તેમ છતાં અરજદારને મળેલ જવાબ અનુસંધાને અન્ય કોઈ રજુઆત હોય તો  નીચે સહી કરનાર અપીલ અધિકારીનો સંપર્ક કરી મળેલ જવાબ બાબતે રજુઆત કરવા સ્વતંત્ર છે.

અરજદારને માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા માહિતી પુરી પાડવામાં આવેલ હોય અપીલ તબકકે વધુ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

આપ ઉપરના હુકમથી નારાજ થયેલ હોય તો નિર્ણય મળ્યાની તારીખથી ૯૦ દિવસની અંદર આપ સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન,બ્લોક નં.૧, બીજો માળ, સેકટર–૧૦–એ, ગાંધીનગર–૩૮૨૦૧૦ને અપીલ કરી શકશો.

(એસ. એચ.વ્યાસ)
અપીલ અધિકારી અને
પર્સોનેલ ઓફિસર(રીક્રુટમેન્ટ)
સુરત મહાનગરપાલિકા.

નં. જીએડી/ઈએસટી/આર/૧૧૧૫
સુરત. તા. ૨૦/૦૯/૨૦૧૮

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પીંકલ પી.ઘીવાળા  પ્રતિ ...............................જાણ સારૂ.
(૩) આસી. નોડલ ઓફિસરશ્રી(આર.ટી.આઈ. સેલ) પ્રતિ....જાણ માટે.

**સુરત મહાનગર પાલિકા,**
**મહાનગર સેવા સદન,**
**મુગલસરાઈ,સુરત –૩૯૫૦૦૩.**

**<u>અપીલ અરજી નં. ૧૨/૨૦૧૮–૧૯</u>**

**અરજદાર :–** શ્રી કેશવ વૈષ્ણવ.
**સામાવાળા :–** સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ વિભાગ)અને જાહેર માહિતી અધિકારી.

**<u>ફરીયાદની હકીકત :–</u>**

વિષય :– અરજદાર શ્રી કેશવ વૈષ્ણવની તા.૧૧/૧૦/૨૦૧૮ મુળ અરજી આઈ. ડી.નં.૧૭૧૬ સંદર્ભે કરેલ અપીલ બાબત.
સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૦૬/૧૧/૨૦૧૮ની અપીલ અરજી નં. ૧૨.

અરજદાર શ્રી કેશવ વૈષ્ણવએ મુળ આઈ.ડી.નં.૧૭૧૬,તા.૧૧/૧૦/૨૦૧૮ મધ્યસ્થ મહેકમ વિભાગને સંબોધીને તા.૧૧/૧૦/૨૦૧૮ ના રોજ સેન્ટ્રલ ઝોન સીવીક સેન્ટર ખાતે અરજી કરેલ હતી જે અરજી એકઝીકયુટીવ આસીસ્ટન્ટ અને જાહેર માહિતી અધિકારીના પત્રક્રમાક નં.સીસીસી.સીઝેડ/આરટીઆઈ/આઉટ/૧૭૧૬, તા.૧૨/૧૦/૨૦૧૮ થી અત્રે(રીક્રુટમેન્ટ વિભાગ)માં અંશતઃ તબદીલ કરવામાં આવેલ જે અત્રેના વિભાગને તા.૧૨/૧૦/૨૦૧૮ ના રોજ મળેલ છે. જે ઈનવર્ડ નંબર ૧૮૬૨ થી નોંધાયેલ છે આ અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, મધ્યસ્થ મહેકમ રીક્રુટમેન્ટ વિભાગ તરફથી નિયત નમુના –ગ, પત્ર નં જીએડી/ઈએસટી /આર/૧૩૭૧,તા.૦૧/૧૧/૨૦૧૮ થી મુદ્દા નં. ૨ અને ૩ માં માંગવામાં આવેલ માહિતી પુરી પાડવામાં આવેલ છે. સદર અરજદારે મ્યુ.કમિશ્નરશ્રી અને પ્રથમ અપીલ અધિકારીશ્રીને સંબોધીને તા.૦૬/૧૧/૨૦૧૮ ના રોજ અપીલ અરજી કરેલ જે અપીલ અરજી પત્રક્રમાક નં.સીસીસી.સીઝેડ/આઉટ/૨૪૨ તા. ૧૨/૧૧/૨૦૧૮ થી અપીલ અધિકારી પર્સોનેલ ઓફિસરશ્રી મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગને અંશતઃ તબદીલ કરેલ જે અપીલ અરજી તા.૧૩/૧૧/૨૦૧૮ ના રોજ મળેલ, જે ઈનવર્ડ નં.૨૧૪૫ થી નોંધાયેલ છે જેમાં તેઓએ અપીલ તબકકે " અધુરી માહિતી આપેલ છે તેમજ ગેરમાર્ગે દોરેલ છે." તેમ જણાવી અપીલ દાખલ કરેલ છે. જે અપીલ રજીસ્ટરમાં અરજી ક્રમાંક નં.૧૨ થી નોંધાયેલ છે.

અરજદારે માંગેલ માહિતી મધ્યસ્થ મહેકમ (રીક્રુટમેન્ટ) વિભાગને લાગત જણાતા મુદ્દામાં " અરજદારે સુરત મહાનગરપાલિકામાં તા.૧૬/૦૮/૨૦૧૮ રોજ ખડી સમિતિ ધ્વારા ડે.મ્યુ.કમિશ્નરની નિમણુંક કરેલ છે તેની સિનોપ્સીસની વિગતવાર માહિતી, રીક્રુટમેન્ટ વિભાગ ધ્વારા કરવામાં આવેલ અરજીનો વિગતવાર માહિતી અને સદર જગ્યા માટે સુરત મહાનગર પાલિકાના કર્મચારીઓની કેટલી અરજીઓ આવેલ તેની લાયકાત અને અનુભવ સહિતની માહિતી વિગેરે" માહિતી માંગવામાં આવેલ હતી. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર(રીક્રુટમેન્ટ)વિભાગ ધ્વારા પત્ર નંબર જીએડી/ઈએસટી/ આર /૧૩૭૧, તા.૦૧ ૧૧/૨૦૧૮ થી પૂર્તતા પાઠવવામાં આવેલ. સદર અપીલ અરજીમાં " અધુરી માહિતી આપેલ છે તેમજ ગેરમાર્ગે દોરેલ છે." એમ જણાવેલ છે.

અરજદારની ઉપરોકત અપીલ સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીનો અત્રેથી પત્ર નં. જીએડી/ ઈએસટી/ આર/૧૫૦૮ તા.૨૨/૧૧/૨૦૧૮ થી અપીલ સંદર્ભે જરૂરી પૂર્તતા અહેવાલ માંગવામાં આવેલ જેના અનુસંધાનમાં તેઓના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૫૬૮ તા. ૦૧/૧૨/૨૦૧૮ ના પત્રથી જરૂરી પૂર્તતા અહેવાલ અત્રે મોકલાવેલ છે. જેમા તેઓના જણાવ્યા મુજબ તા.૧૧/૧૦/૨૦૧૮ની આઈ.ડી.નં.૧૭૧૬ અન્વયે સદર માંગવામાં આવેલ માહિતી બાબતે સુરત મહાનગરપાલિકામાં નિમણુંક કરેલ ડે.મ્યુ. કમિશ્નરની સીનોપ્સીસમાં તેઓની શૈક્ષણિક લાયકાત વિગેરેની માહિતી માંગવામાં આવેલ જે માહિતી અંગત હોય પ્રસ્તુત માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૮(૧)(ચ) મુજબ પુરી પાડવામાં આવેલ નથી. જે ઉકત્ત કાયદાની મુળભુત જોગવાઈ મુજબ નિયમાનુસાર માહિતી પુરી પાડવા આરટીઆઈ એકટની જોગવાઈ મુજબ કરેલ વ્યાજબી અને યોગ્ય જણાય છે તેમ છતાં સદર અપીલ અરજી બાબતે અરજદારશ્રીને અત્રેના પત્ર ક્રમાંક નં.જીએડી/ઈએસટી/આર/૧૫૭૫, તા.૦૩/૧૨/૨૦૧૮ના રોજ પત્ર લખી તા.૧૨/૧૨/૨૦૧૮ના રોજ સાંજે ૩:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી અર્થે હાજર રહેવા જણાવવામાં આવેલ. જે સંદર્ભે અરજદારશ્રી તા.૧૨/૧૨/૨૦૧૮ ના રોજ રૂબરૂ સુનાવણીના પત્ર સંબધે હાજર રહેલ નથી, જેથી અરજદારશ્રીને માહિતી મેળવવામાં રસ નથી જેથી

